અરજી નં.૩૪૪ તા.૧૯–૨–૦૯

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૭–૧૦–૦૮ ની અરજીથી તાજેતરમાં કોર્પોરેશને ગેરકાયદે પાણીનો વેપાર કરતી સંસ્થાઓને મારેલ સીલ બાબત તેમજ હાઈકોર્ટમાંથી આવેલ ચુકાદા બાબત મુદ્દા નં.૧ થી ૪ અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૯–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૪૪/૨૦૦૮–૦૯

શ્રી રમેશ કે. જાંગીડની તા.૭–૧૦–૦૮ ની અરજીથી તાજેતરમાં કોર્પોરેશને ગેરકાયદે પાણીનો વેપાર કરતી સંસ્થાઓને મારેલ સીલ બાબત તેમજ હાઈકોર્ટમાંથી આવેલ ચુકાદા બાબત મુદ્દા નં.૧ થી ૪ અંગે માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.પીએચડી/ફુડ/૧૭૨૧ તા.૧૬–૧–૦૯ થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૨,૩,૪ માં નકલો સહિતની વિગતો ન મળતા તથા મુદ્દા નં.૪ નો જવાબ સ્પષ્ટ ન મળેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૩ તા.૨૬–૨–૦૯ થી ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી મળેલ નથી. કે માહિતીના ઈન્કાર માટે કલમ ૮, ૯,૧૧ કે ૨૪ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી.

અરજદારની તા.૭–૧૦–૦૮ ની અરજી થી માંગવામાં આવેલી માહિતી દિન–૭૨ ના વિલંબથી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલી છે. અરજદારે અપીલ અરજી દિન–૪ ના વિલંબથી કરેલ છે જે અંગે કોઈ વાજબીપણું રજુ કરલ નથી. અરજદારે અપીલ અરજીમાં નિર્દિષ્ટ સમય ગાળામાં મળેલા પ્રતિભાવથી મળેલ માહિતી અધૂરી છે જેમાં મુદ્દા નં.૨ થી ૪ માં નકલો આપવામાં આવેલ નથી તથા મુદ્દા નં.૪ માં સ્પષ્ટ જવાબો આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જેમાં મુદ્દા નં.૨ માં સીલ ખોલવા માટે આપેલ પરવાનગી પત્રની નકલ તથા મુદ્દા નં.૩ આગળ કરેલ કાર્યવાહીની નોટીસની નકલો અને મુદ્દા નં.૪ અંગે કરેલ ઈન્સ્પેકશનની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. અરજદારની મુળ અરજી જોતાં મુદ્દા નં.૧ તથા ૪ માં કોઈ નકલો માંગેલ જણાતી નથી.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૭–૧૦–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પૂરી પાડેલ મુદ્દા નં.૨ થી ૪ ની ઉપરોકત માહિતી ઉપલબ્ધ દફતરે વિગતો અનુસાર આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,